સાબરકાંઠા જિલ્લામાં કેમ્પા યોજના

*તારાંકિત પ્રશ્ન- ૧૫/૪/૨૧૪૪ શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા(હિંમતનગર): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

મુળપ્રશ્ન. અગ્રતાક્રમ- 3

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (૧) | તા:૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેમ્પા યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે, અને | (૧) |
| (૨) | તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) |

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૬૩ |
| ૨૦૨૨-૨૩ | ૯૦૮ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૪૪.૧૬ |
| ૨૦૨૨-૨૩ | ૬૫૬.૭૮ |

---

ક્રમાંક:જજમ/૧૦૨૦૨૪/તા.પ્ર-૧૨/એફ
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૧.૦૨.૨૦૨૪

ગુજરાત વિધાનસભાના તારીખ: ૨૩/૦૧/૨૦૨૪ તારાંકિત પ્રશ્ન: ૧૫/૪/૨૧૪૪અન્વયે જરૂરી કાર્યવાહી સારું

(બી.એલ.ચૌધરી)
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

નકલ રવાના:

૧. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,(HoFF),અરણ્ય ભવન, સેક્ટર-૧૦,ગાંધીનગર.
૨. સંકલન શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. સિલેક્ટ ફાઇલ

## અગ્રતાક્રમાંક.૦૩

શ્રી વા.ડી.ઝાલા (હિંમતનગર)

**પ્રશ્ન –**

**સાબરકાંઠા જિલ્લામાં કેમ્પા યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલા રોપાનું વાવેતર કરાયેલ છે, તે પૈકી જીવંત રોપાઓની સંખ્યા અને તેનાથી કેટલી રોજગારી આપવામાં આવેલ છે?**

**જવાબ -**

### વર્ષ ૨૦૨૧–૨૨

| યોજનાનું નામ | વાવેતર | રોપાની સંખ્યા | જીવંત રોપાની સંખ્યા | થયેલ ખર્ચ | રોજગારી માનવદિન |
|---|---|---|---|---|---|
| કેમ્પા | ૨૬૩ હેક્ટર | ૨ લાખ ૯૨ હજાર | ૨ લાખ ૫૪ હજાર | ૨૪૪ લાખ ૧૬ હજાર | ૪૧,૩૮૩ માનવદિન |

### વર્ષ ૨૦૨૨–૨૩

| યોજનાનું નામ | વાવેતર | રોપાની સંખ્યા | જીવંત રોપાની સંખ્યા | થયેલ ખર્ચ | રોજગારી માનવદિન |
|---|---|---|---|---|---|
| કેમ્પા | ૯૦૮ હેક્ટર | ૮ લાખ ૩૯ હજાર | ૮ લાખ | ૬૫૬ લાખ ૭૮ હજાર | ૮૯,૩૫૮ માનવદિન |

➢ આમ, સાબરકાંઠા જિલ્લામાં કેમ્પા યોજના અંતર્ગત **છેલ્લાં બે વર્ષમાં** કુલ **૧૧૭૧ હેક્ટર**માં **૧૧ લાખ ૩૧ હજાર રોપાનું વાવેતર** થયેલ છે તેમાંથી **હાલ ૧૦.૫૪ લાખ રોપા જીવંત છે** અને તેની પાછળ **કુલ ૯ કરોડ ૯૪ હજાર જેટલો ખર્ચ** થયેલ છે. તેમજ **૧,૩૦,૭૪૧ માનવદિન** ઉત્પન્ન થયેલ છે.

# અગ્રતાક્રમાંક.૦૩

શ્રી પ્રા.શા.ભારંડા (ભાલોડા)

**પ્રશ્ન –**

**કેમ્પા યોજના શું છે તેમજ આ યોજના હેઠળ કામો મંજુર કરવાની પદ્ધતિ શું છે? અને વળતર વનીકરણ કાયદો, ૨૦૧૬ અને તે હેઠળના નિયમોનુસાર કઈ કામગીરી હાથ ધરી શકાય છે?**

**જવાબ –**

- વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ હેઠળની **દરખાસ્તોની મંજુરીની શરતો મુજબ વસૂલ કરવામાં આવતી વળતર વનીકરણ અને નેટ પ્રેઝન્ટ વેલ્યુ અને અન્ય રકમના વહીવટ માટે ભારત સરકારના સ્તરે અને રાજ્ય સરકારના સ્તરે કોમ્પેનસેટરી એફોરેસ્ટેશન અને મેનેજમેન્ટ ઓથોરીટી (કેમ્પા) ની રચના કરવામાં આવેલ છે.**
- યુઝર એજન્સી પાસેથી વસુલ કરવામાં આવતી તમામ રકમ **પ્રથમ નેશનલ કેમ્પાના એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે** જેમાંથી **૯૦% રકમ રાજ્યને રીલીઝ** કરવામાં આવે છે.
- વળતર વનીકરણ કાયદો, ૨૦૧૬ અને તે હેઠળના **વર્ષ ૨૦૧૮નાં નિયમોનુસાર સૂચવવામાં આવેલ કામો માટે વાર્ષિક આયોજન** (APO) **તૈયાર કરવામાં આવે છે.** જેને નીચે મુજબની સમિતિ દ્વારા મંજુર કરવામાં આવે છે.

  (૧) **રાજ્ય સ્તરે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીના અધ્યક્ષપદે એક્ઝીક્યુટીવ કમીટી**

  (૨) **મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે રાજ્ય સ્તરની સ્ટીયરીંગ કમીટી**

  (૩) **ભારત સરકારશ્રીના સ્તરે નેશનલ કેમ્પા હેઠળ – એક્ઝીક્યુટીવ કમીટી**

(૨) પાલભળ

➤ **વળતર વનીકરણ કાયદો, ૨૦૧૬ અને તે હેઠળના વર્ષ ૨૦૧૮નાં નિયમોનુસાર નીચે મુજબની કામગીરી હાથ ધરી શકાય છે.**

(૧) વળતર વનીકરણ માટે જમા થયેલ રકમમાંથી મંજુર થયેલ દરખાસ્તો સામે જરૂરી વળતર વનીકરણની કામગીરી ફરજીયાત છે.

(૨) નેટ પ્રેઝન્ટ વેલ્યુના ૮૦% લેખે વન સંરક્ષણ, રક્ષણ, ભૂમિ ભેજ સંરક્ષણનાં કામો લઈ શકાય.

(૩) નેટ પ્રેઝન્ટ વેલ્યુના ૨૦% લેખે નર્સરી, ફ્રન્ટલાઈન સ્ટાફ માટે ક્વાર્ટર, ફોરેસ્ટ રોડ તથા અન્ય કામો લઈ શકાય.

(૪) વ્યાજ કોમ્પોનેંટ હેઠળ વહીવટી ખર્ચ, વન સંરક્ષણ માટે વાહનો રાખવા તથા કર્મચારીઓની સેવા લઈ શકાય.

# અગ્રતાક્રમાંક.૦૩ – પુરક નોંધ

➢ **કેમ્પાની રચનાઃ**

વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ હેઠળની દરખાસ્તોની મંજુરીની શરતો મુજબ વસૂલ કરવામાં આવતી વળતર વનીકરણ અને નેટ પ્રેઝન્ટ વેલ્યુ અને અન્ય રકમના વહીવટ માટે ભારત સરકારના સ્તરે અને રાજ્ય સરકારના સ્તરે કોમ્પેનસેટરી એફોરેસ્ટેશન અને મેનેજમેન્ટ ઓથોરીટી (કેમ્પા) ની રચના કરવામાં આવેલ છે.

➢ **કેમ્પા હેઠળ કામો મંજુર કરવાની પદ્ધતિઃ**

વળતર વનીકરણ કાયદો, ૨૦૧૬ અને તે હેઠળના વર્ષ ૨૦૧૮નાં નિયમોનુસાર સૂચવવામાં આવેલ કામો માટે વાર્ષિક આયોજન (APO) તૈયાર કરવામાં આવે છે જેને નીચે મુજબની સમિતિ દ્વારા મંજુર કરવામાં આવે છે.

(૧) રાજ્ય સ્તરે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીના અધ્યક્ષપદે એક્ઝીક્યુટીવ કમીટી
(૨) મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે રાજય સ્તરની સ્ટીયરીંગ કમીટી
(૩) ભારત સરકારશ્રીના સ્તરે નેશનલ કેમ્પા હેઠળ – એક્ઝીક્યુટીવ કમીટી

➢ **વળતર વનીકરણ કાયદો, ૨૦૧૬ અને તે હેઠળના વર્ષ ૨૦૧૮નાં નિયમોનુસાર હાથ ધરી શકાય તે કામગીરીઃ**

(૧) વળતર વનીકરણ માટે જમા થયેલ રકમ માંથી મંજુર થયેલ દરખાસ્તો સામે જરૂરી વળતર વનીકરણની કામગીરી ફરજીયાત છે.

(૨) નેટ પ્રેઝન્ટ વેલ્યુના ૮૦% લેખે વન સંરક્ષણ, રક્ષણ, ભૂમિ ભેજ સંરક્ષણના કામોલઈ શકાય.

(૩) નેટ પ્રેઝન્ટ વેલ્યુના ૨૦% લેખે નર્સરી, ફ્રન્ટલાઈન સ્ટાફ માટે ક્વાર્ટર, ફોરેસ્ટ રોડ તથા અન્ય કામો લઈ શકાય.

(૪) વ્યાજ કોમ્પોનેંટ હેઠળ વહીવટી ખર્ચ, વન સંરક્ષણ માટે વાહનો રાખવા તથા કર્મચારીઓની સેવા લઈ શકાય.

(૫) પાછળ

- વળતર વનીકરણ કાયદો, ૨૦૧૬ અને તે હેઠળના વર્ષ ૨૦૧૮નાં નિયમોનુસાર વાહન ખરીદી, વિદેશ પ્રવાસતથા અન્ય કામગીરી હાથ ધરી શકાતી નથી.
- યુઝર એજન્સી પાસેથી વસુલ કરવામાં આવતી તમામ રકમ હાલ નેશનલ કેમ્પાના એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે જેમાંથી ૯૦% રકમ રાજ્યને રીલીઝ કરવામાં આવે છે.ભારત સરકારશ્રી તરફથી ગુજરાત રાજ્યને સને ૨૦૧૯-૨૦ ના વર્ષમાં **રૂ.૧૪૮૪.૬૦ કરોડ** ટ્રાન્સફર કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ થી ઉપરોક્ત રકમમાંથી રાજય આયોજનમાં કરવામા આવતી જોગવાઈ હેઠળ કામગીરી કરવામાં આવે છે.
- સાબરકાંઠાજિલ્લામાં કેમ્પા યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં હેકટરમાં રોપાનું કરેલ વાવેતર, વાવેલ રોપાઓની સંખ્યા અને થયેલ ખર્ચની માહિતી નીચેની વિગતે છે.

| **ક્રમ** | **વર્ષ** | **વાવેતર** | **રોપાની સંખ્યા** | **થયેલ ખર્ચ** | **રોપાની મુખ્ય પ્રજાતી** |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૨૬૩ હેક્ટર | ૨ લાખ ૯૨ હજાર | ૨૪૪ લાખ ૧૬ હજાર | ખેર, કણજી, કડાયા, સલાઈ, ગુંદા, અરડૂસા, રગત રોયડો, ગરમાળો, ખાખરો, |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૯૦૮ હેક્ટર | ૮ લાખ ૩૯ હજાર | ૬૫૬ લાખ ૭૮ હજાર | |
| **કુલ--** | | **૧૧૭૧ હેક્ટર** | **૧૧ લાખ ૩૧ હજાર** | **૯૦૦ લાખ ૫૪ હજાર** | |

➢ **કેમ્પા હેઠળ રીલીઝ કરવામાં આવેલ ગ્રાન્ટ સામે રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષવાઈઝ થયેલ ખર્ચની વિગતઃ**

| **અ. નં.** | **વર્ષ** | **એડહોક કેમ્પા તરફથી રીલીઝ કરવામાં આવેલ રકમ** | **ખર્ચ** |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૨૪ કરોડ ૯૬ લાખ | ૮ કરોડ ૫૭ લાખ |
| ૨ | ૨૦૧૦-૧૧ | ૨૯ કરોડ ૧૬ લાખ | ૩૨ કરોડ ૭૫ લાખ |
| ૩ | ૨૦૧૧-૧૨ | ૨૬ કરોડ ૩૦ લાખ | ૨૮ કરોડ ૭૭ લાખ |
| ૪ | ૨૦૧૨-૧૩ | ૩૨ કરોડ ૪૧ લાખ | ૨૪ કરોડ ૭૦ લાખ |
| ૫ | ૨૦૧૩-૧૪ | ૨૮ કરોડ | ૩૩ કરોડ ૭૯ લાખ |
| ૬ | ૨૦૧૪-૧૫ | ૬૫ કરોડ | ૪૫ કરોડ ૬ લાખ |
| ૭ | ૨૦૧૫-૧૬ | ૩૩ કરોડ | ૩૦ કરોડ ૨૨ લાખ |
| ૮ | ૨૦૧૬-૧૭ | ૯૯ કરોડ | ૩૯ કરોડ ૬ લાખ |
| ૯ | ૨૦૧૭-૧૮ | ૨૭ કરોડ | ૫૯ કરોડ ૧૩ લાખ |
| ૧૦ | ૨૦૧૮-૧૯ | ૨૧૨ કરોડ ૬૬ લાખ | ૧૫૨ કરોડ ૩૩ લાખ |
| ૧૧ | ૨૦૧૯-૨૦ | ૦.૦૦ | ૧૧૮ કરોડ ૫૦ લાખ |
| | **કુલ---** | **૫૭૭ કરોડ ૪૮ લાખ** | **૫૭૨ કરોડ ૮૮ લાખ** |
| | | **સ્ટેટ પ્લાન** | |
| ૧૨ | ૨૦૨૦-૨૧ | ૧૬૯ કરોડ ૮૫ લાખ | ૧૬૯ કરોડ ૮૫ લાખ |
| ૧૩ | ૨૦૨૧-૨૨ | ૧૬૯ કરોડ | ૧૬૮ કરોડ ૭૯ લાખ |
| ૧૪ | ૨૦૨૨-૨૩ | ૧૭૦ કરોડ | ૧૬૯ કરોડ ૯૯ લાખ |
| ૧૫ | ૨૦૨૩-૨૪ (ડિસેમ્બર- ૨૦૨૩) | ૨૨૦ કરોડ | ૧૨૨ કરોડ |
| | **કુલ ---** | **૭૨૮ કરોડ ૮૫ લાખ** | **૬૩૦ કરોડ ૬૩ લાખ** |
| | **એકંદરે કુલ---** | **૧૩૦૬ કરોડ ૩૩ લાખ** | **૧૨૦૩ કરોડ ૫૧ લાખ** |

(૩) ૫૧૬૪૦૨

➢ **કેમ્પા હેઠળ રાજ્યમાં હાથ ધરવામાં આવેલ વાવેતરની વિગતઃ**

| ક્રમ | વર્ષ | ફરજીયાત વળતર વનીકરણની કામગીરી (હેક્ટર) | નેટ પ્રેઝન્ટ વેલ્યુ હેઠળ વનીકરણની કામગીરી (હેક્ટર) | કુલ વાવેતર (હેક્ટર) |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૮૫.૦૦ | ૦.૦૦ | ૮૫.૦૦ |
| ૨ | ૨૦૧૦-૧૧ | ૩૪૬૮.૦૦ | ૦.૦૦ | ૩૪૬૮.૦૦ |
| ૩ | ૨૦૧૧-૧૨ | ૧૪૩૫.૦૦ | ૦.૦૦ | ૧૪૩૫.૦૦ |
| ૪ | ૨૦૧૨-૧૩ | ૨૯૦૦.૦૦ | ૦.૦૦ | ૨૯૦૦.૦૦ |
| ૫ | ૨૦૧૩-૧૪ | ૧૯૬૧.૦૦ | ૦.૦૦ | ૧૯૬૧.૦૦ |
| ૬ | ૨૦૧૪-૧૫ | ૧૭૭૭.૦૦ | ૦.૦૦ | ૧૭૭૭.૦૦ |
| ૭ | ૨૦૧૫-૧૬ | ૨૦૪૮.૦૦ | ૦.૦૦ | ૨૦૪૮.૦૦ |
| ૮ | ૨૦૧૬-૧૭ | ૧૧૮૩.૦૦ | ૫૦૦.૦૦ | ૧૬૮૩.૦૦ |
| ૯ | ૨૦૧૭-૧૮ | ૮૪૭.૦૦ | ૧૨૨.૦૦ | ૯૬૯.૦૦ |
| ૧૦ | ૨૦૧૮-૧૯ | ૭૪૬.૦૦ | ૨૩૦.૦૦ | ૯૭૬.૦૦ |
| ૧૧ | ૨૦૧૯-૨૦ | ૧૯૨૨.૪૨ | ૨૩૨.૦૦ | ૨૧૫૪.૪૨ |
| ૧૨ | ૨૦૨૦-૨૧ | ૧૦૧૯.૮૫ | ૫૨૭.૫૬ | ૧૫૪૭.૪૧ |
| ૧૩ | ૨૦૨૧-૨૨ | ૩૭૩૩.૫૫ | ૨૭૨૫.૦૦ | ૬૪૫૮.૫૫ |
| ૧૪ | ૨૦૨૨-૨૩ | ૪૬૨૯.૯૭ | ૪૨૭૯.૯૧ | ૮૯૦૯.૮૮ |
| ૧૫ | ૨૦૨૩-૨૪ | ૨૧૭૪.૨૫ | ૫૭૪૮.૫૦ | ૭૯૨૨.૭૫ |
| | કુલ વાવેતર- | **૨૯૯૩૦.૦૪** | **૧૪૩૬૪.૯૭** | **૪૪૨૯૫.૦૧** |

- **વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ અંતર્ગત જંગલ જમીનના બિન જંગલ ઉપયોગ માટે ભારત સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહે છે. મંજુરીની શરત મુજબ યુઝર એજન્સી પાસેથી નીચે મુજબની રકમ વસૂલ કરવામાં આવે છે.**

  (૧) વળતર વનીકરણ

  (૨) નામ.સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ નેટ પ્રેઝન્ટ વેલ્યુ (એન.પી.વી.)

  (૩) ભારત સરકારશ્રી દ્વારા અમુક દરખાસ્તોમાં મૂકવામાં આવેલ અન્ય શરતો

  (૪) અમુક દરખાસ્તોમાં વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ ના ભંગ બદલ દંડનીય જોગવાઈ મુજબની રકમ

- યુઝર એજન્સી પાસેથી વસુલ કરવામાં આવતી **તમામ રકમ નેશનલ કેમ્પાના એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે જેમાંથી ૯૦% રકમ રાજ્યને રીલીઝ કરવામાં આવે છે.**
- **સને ૨૦૧૯–૨૦ પહેલાં સ્ટેટ કેમ્પા એકાઉન્ટને ફંડ રીલીઝ કરવામાં આવતુ હતુ.**
- **સને ૨૦૧૯–૨૦ પછી સ્ટેટ કોમ્પેનસેટરી એફોરેસ્ટેશન ફંડ (SCAF) ગુજરાત રાજ્યના કન્સોલીડેટેડ ફંડમાં જમા કરવામાં આવે છે.**
- યુઝર એજન્સી પાસેથી વળતર વનીકરણ માટે વસૂલ કરવામાં આવતી રકમમાંથી દરખાસ્તોની મંજુરીની શરતો મુજબ વનીકરણની કામગીરી હાથ ધરવામાં આવે છે.
- જ્યારે યુઝર એજન્સી પાસેથી વસૂલ કરવામાં આવેલ નેટ પ્રેઝન્ટ વેલ્યુ (એન.પી.વી.) નીરકમમાંથી વન વિસ્તારમાં વનીકરણ, વન અને વન સંરક્ષણના કામો, વન વિસ્તારમાં ભૂમિ તથા ભેજ સંરક્ષણના કામો તેમજ વન્યપ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન તેમજ નર્સરી વગેરેની કામગીરી હાથ ધરવામાં આવે છે.
- **વર્ષ ૨૦૨૦–૨૧થી રાજ્ય યોજનામાં આ અંગે બજેટ જોગવાઈ કરવામાં આવે છે** અને તે મુજબ કામગીરી કરવામાં આવે છે.
- પ્રસ્તુત યોજના માટે **સને ૨૦૨૧–૨૨નાં** વર્ષમાં **રૂ.૧૬૯.૦૦ કરોડની બજેટ જોગવાઈ** કરવામાં આવેલ હતી જેમાંથી **રૂ.૧૬૮.૭૯ કરોડ**નો **ખર્ચ થયેલ છે.**

(૫) પાછળ

➢ **સને ૨૦૨૨-૨૩નાં** વર્ષમાં **રૂ.૧૭૦.૦૦ કરોડની બજેટ જોગવાઈ** કરવામાં આવેલ હતી જેમાંથી રૂ. ૧૬૯.૯૯ કરોડનો ખર્ચ થયેલ છે.

➢ પ્રસ્તુત યોજના માટે **સને ૨૦૨૩-૨૪નાં** વર્ષમાં **રૂ.૨૨૦.૦૦ કરોડની બજેટ જોગવાઈ** કરવામાં આવેલ છે. જેની સામે **ડિસેમ્બર-૨૦૨૩ અંતિત રૂ.૧૨૨.૦૦ કરોડનો ખર્ચ** થયેલ છે.